

પલિયાપુર અને ધોળિયા ગામના ૧૫ વિદ્યાર્થીઓ ડીપમાં પાણી આવતા ફસાયા

મોડાસા તાલુકાના પલિયાપુર અને ધોળિયા ગામ પાસે આવેલી ડીપમાં પાંચેક ફૂટ જેટલું પાણી ચડી જતાં નિશાળ અને કોલેજ ગયેલા ૧૫ જેટલા વિદ્યાર્થીઓ ફસાઈ ગયા હગતા. મંગળવારની વહેલી સવારથી વરસી રહેલા અનરાધાર વરસાદના કારણે મેઢાસણથી બોડી અને મડાસણાથી ધોળિયા જતી બે ડીપોમાં પાંચેક ફૂટ જેટલા પાણી ભરાઈ જતાં આજુબાજુના ગામમાંથી શાળાએ ગયેલા બાળકો ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ બોડી સરપંચ અમૃતસિંહ ઝાલા અને મેઢાસણ કેળવણી મંડળના પ્રમુખ જગદીશભાઈ પટેલ હાજર રહી ફસાઈ ગયેલા બાળકોને મડાસણા પ્રાથમિક શાળામાં આશરો આપી રાત્રી રોકાણ અને જમવાની વ્યવસ્થા કરી હતી. જ્યારે આજુબાજુના શિક્ષકો પણ બાળકોની પડખે સતત ઉભા હતા. આ ઉપરાંત મામલતદાર અને મોડાસા તાલુકા શિક્ષણાધિકારી પણ દોડી આવ્યા હતા. બોડી સરપંચ તથા વિદ્યાર્થીઓના જણાવ્યાનુસાર આ બંને ડીપો પર પુલ બનાવવામાં આવે તો દર વર્ષે પડતી મુશ્કેલી દૂર થઈ શકે તેમ છે.

# વીજલાઈન પડતાં કરંટ લાગતાં પાંચ પશુના મોત

કલોલ તાલુકાના જાસપુર ગામે વીજ કરંટ લાગવાથી પાંચ ભેંસના મૃત્યુ થયાના અહેવાલોને પગલે કલોલ પંથકમાં પશુપાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામેલ છે. મળતી વિગતો પ્રમાણે શિલ્પગ્રામ એગ્રો ઓનર્સ એસો.ના પ્લોટ નં. ૦૩૭ બ્લોક નં. ૬૪૭વાળી જમીન આવેલ યુ.જી.વી.સી.ની વીજલાઈન ડી.પી. ૧૮૮/૧, ૧૮૯/૨ના વીજ થાંભલામાંથી વીજલાઈન નીચે પડતાં કનુભાઈ રબારી તથા અરવિંદજી બચુજીની માલિકીની પાંચ ભેંસોના મૃત્યુ થયા છે.

# સૌરાષ્ટ્રમાં સિંચાઈ માટે દસ કલાક વિજ પુરવઠો અપાશે

ગાંધીનગર, તા. ૨૪

સૌરાષ્ટ્રના ખેડૂતોને સિંચાઈ માટે અપાતી વિજળી ૧૦ કલાક આપવાની મુખ્યમંત્રીએ કરેલી જાહેરાતને પ્રદેશ ભાજપ પ્રમુખ વાઘાણીએ આવકારી હતી. ભૂચરમોટી ખાતે યોજાયેલા શહિદોને શ્રદ્ધાંજલિ અને વન મહોત્સવ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જ્યાં અપુરતો વરસાદ થયો છે ત્યાં ખેડૂતોને સિંચાઈ માટે અપાતી આઠ કલાક વિજળીમાં બે કલાકનો વધારો કરીને ૧૦ કલાક વિજળી આપવાના લીધેલા નિર્ણયની જાહેરાત કરી હતી.

પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ મુખ્યમંત્રીના આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતુ કે ભાજપ સરકાર હંમેશા ખેડૂતોની પડખે રહી ખેડૂત હિતની ચિંતા કરે છે. અપુરતા વરસાદને કારણે વાવણીમાં પુરતુ પાણી મળી રહે તેમજ પાકને સિંચાઈના અભાવે નષ્ટ થતો રોકી શકાય તેવા અભિગમથી રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે. તથા પુરતો વરસાદ આવે ત્યાં સુધી વધારાનો ૨ કલાક વીજ પુરવઠો ખેડૂતો માટે આશીર્વાદરૂપ બનશે.



કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ઠેર ઠેર થઈ રહી છે. અનેરો આનંદ અને ઉત્સાહ સમગ્ર વાતાવરણમાં વર્તાઈ રહ્યો છે ત્યારે હેપ્પી બીઝ ડિજીટલ સ્કૂલ,ગ્રીન સીટી, સેકટર-૨૬ ખાતે જન્માષ્ટમીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ વેશભૂષામાં સજ્જ બાળકોએ મટકીફોડ સહિતના કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

# ધાનેરામાં દલિતો દ્વારા મરેલા ઢોર ઉપાડવાના ઈન્કારથી ચકચાર

## મરેલા ઢોર ન તાણવા, શુભ પ્રસંગે તોરણ બાંધવા ન જવું અને ઢોલ વગાડવા પણ જાય તો તેની પાસેથી દંડ વસુલ કરવામાં આવશે : દલિત અગ્રણી

ધાનેરા, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા શહેર સહીત તાલુકાના તમામ દલિતો દ્વારા મરેલા ઢોર ન તાણવાનો નિર્ણય લેવાતા ભારે ચકચાર મચી જવા પામી છે. તો બીજી તરફ જો કોઈ દલિત મરેલા ઢોર તાણે તો તેને દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવશે.

ભારત દેશ આઝાદ થયાને તો વર્ષોના વાણાં વીતી ગયા પણ હજુ આ દેશમાં વસતા દલિતો જાણે ગુલામીની જિંદગી જીવી રહ્યા છે. દિન પ્રતિદિન દલિતો પર અત્યાચાર થઈ રહ્યા છે. દલિતો સાથે અસભ્ય વર્તન પણ કરવામાં આવી રહ્યું છે ત્યારે હવે દલિતો જાગ્યા છે. ધાનેરા વિસ્તારના દલિતો દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે કોઈ દલિત ભાઈ મરેલા ઢોર ન તાણવા અને જો કોઈ તાણે તો દલિત સમાજ દ્વારા તેની સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવશે ત્યારે અને બે બીજા મુદ્દા પર પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં ઊંચી જાતીના લોકોના ઘરે શુભ પ્રસંગે તોરણ બાંધવા ન જવુ અને ઢોલ વગાડવા પણ ન જવું આવા વિવિધ મુદ્દા પર પ્રતિબંધ મુકવામાં આવ્યા છે. અત્યારે તો દલિત સમાજ દ્વારા વિવિધ મુદ્દાઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા છે પણ આ પ્રતિબંધ કેટલા સાર્થક સાબિત થશે તે તો આવનારો સમય જ બતાવશે.

### રાઉન્ડ લીધો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે પંચાયતના કર્મચારીઓની પાર્કિંગની વ્યવસ્થા અંગે ચિંતા વ્યક્ત કરી કમ્પાન્ડમાં પડેલી જૂની અને સ્ક્રેપ્ટ કરવા પાત્ર ગાડીઓને ખસેડી અંદરજ સરસ પાર્કિંગની સુવિધા પેવર બ્લોક લગાવી કરવા જણાવ્યુ હતુ. આ ઉપરાંત દ્વિચક્રી વાહનો માટે પણ અલાયદી વ્યવસ્થા કરવા સૂચવ્યુ હતું. પાણીની લિકેજ થયેલ પાઈપલાઈનો બદલવા માટે, વાયરીંગના સારા ફિટીંગ માટે પણ તેમણે સૂચનાઓ આપી હતી.આજે સવારે એક જ કલાકના ગાળામાં ત્રણથી ચાર વખત વીજળી ખોરવાઈ જતાં તેમણે આ રાઉન્ડ લેવાનો નિર્ણય કર્યો હોવાની ચર્ચા પંચાયતના સૂત્રોમાંથી થતી સાંભળવા મળી હતી. વારંવાર વિજળી ખોરવાતી હોવાના અખબારી અહેવાલો પણ તેમણે ધ્યાને રાખી વાયરીંગ બાબતે જરૂરી કાળજી રાખવા માટે તેમજ ટોઈલેટોમાં જે રીતે પાણી લિકેજીસની ફરિયાદો છે તેને લઈ માર્ગ-મકાન વિભાગના અધિકારીઓને ઝડપથી આ કામગીરી કરવા માટે કડક સૂચનાઓ આપી હતી.

### અરજીનો ચુકાદો...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધ્યાને રાખી અરજદારની રજુઆતોનો અસ્વીકાર કર્યો હતો અને ચુકાદામાં નોંધ્યુ છે કે જિલ્લા પંચાયતની સામાન્ય સભાને લગતી બાબત નથી કે જેમાં પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીના કારણોસર પક્ષીય સમીકરણો બદલાઈને કોઈ એક પક્ષને ફાયદાકારક અને કોઈ એક પક્ષને નુકશાન થતુ હોય તેવી બાબત બનતી નથી. નામ નિર્દિષ્ટ અધિકારી એ.જે. શાહે ૧૦ પાનાનો ચુકાદો આપ્યો છે જેની નકલ સંબંધિત પક્ષોને પણ આપી દેવામાં આવી છે.

નામનિર્દિષ્ટ અધિકારીના આ ચુકાદાને પગલે જિલ્લા પંચાયતના પ્રમુખના જૂથમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. બીજી તરફ સોલંકી જૂથના સભ્યોમાં સન્નાટો વ્યાપી ગયો છે. આ ચુકાદાને હાઈકોર્ટમાં પડકારવામાં આવે તેવી શક્યતાઓને ચકાસવા માટે કાનૂની વિદો સાથે પરામર્શ પણ શરૂ કર્યો છે.

### મેળો ભરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સહીતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સેકટરવાસીઓ ભગવાનની ભકિતમાં તલ્લીન બનશે. ભગવાન શ્રી કૃષ્ણજન્મોત્સવની ઉજવણી અન્વયે શહેરમાં વિવિધ સેકટરોમાં ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. શહેરના પંચદેવ મંદિરમાં જન્માષ્ટમી નિમિત્તે શ્રીકૃષ્ણજન્મોત્સવની વિશિષ્ટ ઉજવણી કરાશે. પંચદેવ મંદિર ખાતે દરવર્ષની જેમ પરંપરાગત મેળો પણ યોજાશે. જેમાં હજારોની સંખ્યામાં શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાંથી ભાવિકો આવશે. આ ઉપરાંત શહેરના જલારામ મંદિરમાં પણ જન્માષ્ટમી નિમિત્તે રાસ ગરબા મટકી ફોડ તેમજ ભજન અને કૃષ્ણોજન્મોત્સવનો કાર્યક્રમ યોજાશે. સે-૩ ન્યુના શિવશક્તિ મંદિરમાં પણ જન્માષ્ટમીની ઉજવણી અન્વયે ગરબા તેમજ મટકી ફોડ અને બાળકોનો સ્ટેજ કાર્યક્રમ યોજાશે. સે-૩૦ ના ઝુલેલાલ મંદિરમાં પણ હર્ષોઉલ્લાસ સાથે કૃષ્ણજન્મની ઉજવણી કરાશે. ભાવિકાને લાભ લેવા સિંધી પંચાયત તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યુ છે. સે-૩ ડી યુવક મંડળ દ્વારા પણ નવરાત્રિ ચોકમાં દહીં હાંડી ,રાસ ગરબા તેમજ મહાઆરતી યોજવામાં આવશે. સે- ૧ ગાયત્રી મંદિરમાં પણ જન્માષ્ટમીની ઉજવણી અન્વયે રંગારંગ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે.ગરબા ,નાટક ,રાધા કૃષ્ણ પરની નૃત્ય નાટીકા મટકી ફોડ સહીતના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુળ સ્કુલમાં પણ જન્માષ્ટમીના પર્વના વધામણા કરવા માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. કૃષ્ણજન્મની સાથે ૫૦૦ દિવડાની મહાઆરતી કરવામાં આવશે. નગરની શાળાઓમાં બે દિવસથી કૃષ્મજન્મની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સેકટરોમાં ઠેર ઠેર જન્માષ્ટમીની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેને અનુલક્ષી સેકટરવાસીઓમાં પણ ઉત્સાહનુ મોજુ પ્રવર્તયુ છે. પવિત્ર શ્રાવણ માસના લીધે શહેરમાં છેલ્લા ૨૦ દિવસથી ભોળાનાથની ભકિતનો રંગ જામ્યો છે. ત્યારે જન્માષ્ટમી પર્વના લીધે નગરજનો શિવ અને કૃષ્ણ ભકિતમાં લીન જોવા મળશે ભાવિકો જન્માષ્ટમીના પર્વને અનુલક્ષી તૈયારીમાં લાગી ગયા છે. જયારે બજારમાં અવનવી ફરાળી વાનગીઓ માટે ભારે ભીડ ભાડ જોવા મળી રહી છે.



# પાલનપુરમાં ભૂલકાઓએ ઉજવી જન્માષ્ટમી

પાલનપુર ની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યા મંદિર ની શ્રી જૈન શિશુ શાળા માં ભૂલકા ઓ એ જન્માષ્ટમી ના એક દિવસ પૂર્વે ભગવાન શ્રી કૃષ્ન ના જન્મોત્સવ ની આગવી ઉજવણી કરી મટકી ફોડ રાસ ગરબા ભગવાન ની આરતી સાથે બાળકો રાધા કૃષ્ન ગોવાળ સુદામા ની ભૂમિકા આગવું આકર્ષણ જમાવ્યું હતું। જય કનૈયા લાલ કી હાથ ઘોડા પાલખી નો જય ઘોસ કરાયો હતો.

### સુરક્ષા સંસ્થા

● અનુસંધાન પહેલાનું ચાલુ

શરણ આપનાર પાકિસ્તાનને દુનિયાભરમાં ખુલ્લુ પાડી દેવા માટે તમામ પ્રયાસો થઈ રહ્યા છે. રો, ઈન્ટેલિજન્સ બ્યુરો, સીબીઆઇ, દિલ્હી અને મુંબઈ પોલીસ તેમજ એનઆઈએની ટીમ દ્વારા પોત પોતાની રીતે તપાસ કરવામાં આવી રહી છે. દાઉદની ગેરકાયદે પ્રવૃતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. દાઉદની ટોળકી માટે કામ કરનાર લોકોની પ્રવાસ વિગત મેળવી લેવામાં આવી છે. આ તમામ યાત્રા મોટા ભાગે પાકિસ્તાન અને દુબઈ વચ્ચે થઈ છે. વરિષ્ઠ સરકારી અધિકારીએ માહિતી આપતા કહ્યુ છેકે છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં દાઉદ પાકિસ્તાનથી બહાર વધારે વખત ગયો નથી. તેને ભારત તરફથી વ્યાપક ભય રહેલો છે. ૯૦ના દશકમાં દાઉદ વધારે સક્રિય રહ્યો હતો. દાઉદના કેસ સાથે જોડાયેલા અધિકારીએ વિગત આપતા કહ્યુ છે કે બ્રિટનના હૈમ્પસ્ટીડમાં દાઉદ વિશાળ પ્રોપર્ટી ધરાવે છે. આ સંપત્તિની વિગત સીબીઆઈની તપાસ ફાઈલમાં રહેલી છે. ઈડી દ્વારા પણ દાઉદના મામલે કેટલીક સફળતા મેળવી લેવામાં આવી છે. જેમાં કેટલાક દેશોમાં ડી કંપની સાથે જોડાયેલી પ્રોપર્ટીનો સમાવેશ થાય છે. જેમાં સ્પેન, સિંગાપોર, યુએઈ, થાઈલેન્ડ, તુર્કી, બ્રિટનનો સમાવેશ થાય છે.

### રાજ્યોમાં ભૂકંપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે, આ ટ્રેનને થોડાક સમય બાદ ફરી શરૂ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં ભૂકંપના કારણે કોઈ નુકસાન થયું ન હતું. ઉત્તર પૂર્વને વિશ્વમાં સૌથી વધારે ભૂકંપ પ્રભાવિત ક્ષેત્ર તરીકે ગણવામાં આવે છે. અમેરિકાના ભૂકંપ સાથે સંબંધિત વિભાગે કહ્યું છે કે, જમીનમાં તેનું કેન્દ્ર રહ્યું હતું. ભૂકંપના કારણે મ્યાનમારના સૌથી મોટા શહેર યાગોનમાં ઈમારતો હચમચી ઉઠી હતી. ભૂકંપનો આંચકો બાંગ્લાદેશમાં પણ લોકોએ અનુભવ્યો હતો. ભારતમાં છેલ્લા કેટલાક સમયમાં કેટલાક આંચકા આવી ચુક્યા છે. મ્યાનમારમાં સૌથી વધુ અસર જોવા મળી હતી. જો કે, ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

### જાહેર ખબર

ગ્રંથાલય નિયામકની કચેરી, ગુ.રા., રાજ્ય ગ્રંથાલય ભવન, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે પુસ્તક ખરીદીની જુદી જુદી યોજનાઓ અન્વયે પુસ્તકો સ્વીકારવા, વર્ગીકરણ, નંબરીંગ, સ્ટેમ્પીંગ અને યોજનાના પ્રોગ્રામમાં ડેટા એન્ટ્રી તેમજ વિષયવાર પુસ્તકો છૂટા પાડી યાદી મુજબ ગોઠવવાની કામગીરીના ભાવો બંધ કવરમાં તા. ૮/૯/૨૦૧૬ના ૧૪.૦૦ કલાક સુધીમાં આ કચેરીને મળી જાય તે પ્રમાણે એજન્સીઓ પાસેથી પુસ્તક દીઠ એન્ટ્રી માટે ભાવ મંગાવવામાં આળે છે. મળેલ ટેન્ડર તે જ દિવસે ૧૬.૦૦ કલાકે ખોલવામાં આવશે. આ ભાવની સાથે કરવાની થતી કામગીરીની કાર્યપદ્ધતિ પણ જણાવવાની રહેશે. આ જાહેરાત નીચેની વેબસાઈટ પર જોઈ શકાશે.

ફોન નં. ૨૩૨૨૨૪૮૪
૨૩૨૨૧૧૦૭

કૌશિક શાહ
ગ્રંથાલય નિયામક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

www.sycd.gujarat.gov.in
www.books4gujarat.com

માહિતી/૧૩૨૩/૧૬-૧૭

### અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા

**જાહેર નિવિદા નં. ૦૨/૨૦૧૬-૧૭/સુધારો-૨**

ગુજરાત સમાચાર વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૩૦/૮/૨૦૧૬ |
| ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૩૧/૮/૨૦૧૬થી ૦૬/૯/૨૦૧૬ |
| બાનાની રકમ, સોલવંશી, ટેન્ડર ફી તથા અન્ય દસ્તાવેજો રજૂ કરવાની તારીખ | તા. ૯/૯/૨૦૧૬ |
| ટેકનીકલ બીડ/પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ | ૭/૯/૨૦૧૬ |

વિગતવાર નિવિદા www.statetenders.com ઉપર જોવા મળશે, તેમજ ઓનલાઈન ટેન્ડરો http://rnb.nprocure.com ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો-શરતો મૂળ નિવિદા મુજબ રહેશે. જેની નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ
મોડાસા

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૨૬૩/૨૦૧૬

### ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી., ગાંધીનગર

**જાહેર નિવિદા**

**જાહેરાત ક્રમાંક : ૦૪/૨૦૧૬-૨૦૧૭**

કાર્યપાલક ઈજનેરશ્રી (સી), યુનીટ-૨, (સુજલામ-સુફલામ) બીજે માળે, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર નં.૮, ગાંધીનગર. ફોન નં. / ફેક્સ નં. ૦૭૯-૨૩૨૩૬૭૧૨ દ્વારા નીચે જણાવેલ કામો માટે માર્ગ અને મકાન વિભાગમાં અને / અથવા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં માન્ય યાદીની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન બી-૧ ભાવપત્રકો માંગવામાં આવે છે.

(૧) કામનું નામ : વડી કચેરી, ગાંધીનગરના મકાનમાં (ચેરમેનની ચેમ્બરમાં) રીનોવેશન તથા રીપેરીંગની કામગીરી
(૨) અંદાજીત રકમ : રૂપિયા : ૪,૫૬,૯૪૨.૦૦
(૩) ઈજારદારનો વર્ગ તથા ટેન્ડર ફી : ઈ-૨ અને ઉપર રૂ. ૬૦૦/-
(૪) ઓનલાઈન ટેન્ડર ડાઉનલોડ અને રજૂ કરવાની છેલ્લી તારીખ : ૯/૯/૨૦૧૬, ૧૮.૦૦ કલાક સુધી
(૫) ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો કચેરીમાં રજૂ કરવાની તારીખ : ૧૩/૯/૨૦૧૬ થી તા. ૧૫/૯/૨૦૧૬ (કચેરી સમય દરમિયાન) ફક્ત સ્પીટ પોસ્ટ / આર.પી.એ.ડી.

બાનાની રકમ મુદત ૧૮૦ દિવસની હોવી જોઈએ અન્યથા ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહીં. EMD Exemption certificate સ્વીકારવામાં આવશે નહીં. ઈજારદારે ગુજરાત રાજ્યમાં તથા રાજ્ય બહારના તેમના હસ્તકના તમામ હાથ પરના કામોની યાદી એનેક્ષર-૧ પ્રમાણે આપવાની રહેશે.

તદઉપરાંત એનેક્ષર-૨ પ્રમાણે રૂપિયા ૧૦૦ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ કરેલ સોગંદનામા સહિત બિડવાનું રહેશે. વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.in અથવા www.statetenders.com અને www.nwr.nprocure.com મારફતે જોઈ શકાશે. તથા ટેન્ડર ઓનલાઈન ભરવાનું રહેશે.

માહિતી/૧૩૨૨/૧૬-૧૭

